પાઠ ૧૧

# દેવને નાખુશ કરતા માન્યતાઓ અને રિવાજો

***કયા પ્રકારના માન્યતાઓ અને રિવાજો ખોટા છે? (૧)***
***શું ખ્રિસ્તીઓએ માનવું જોઈએ કે દેવ ત્રૈક્ય છે? (૨)***
***શા માટે સાચા ખ્રિસ્તીઓ નાતાલ, ઈસ્ટર, કે જન્મદિવસ ઊજવતા નથી? (૩, ૪)***
***શું મૂએલાઓ જીવતાઓને હાનિ કરી શકે? (૫) શું ઈસુ ક્રોસ પર મરણ પામ્યા હતા? (૬) દેવને ખુશ કરવા એ કેટલું મહત્ત્વનું છે? (૭)***



**દેવ ત્રૈક્ય નથી**

૧. બધી માન્યતાઓ અને રિવાજો કંઈ ખરાબ નથી. પરંતુ એ જૂઠા ધર્મમાંથી આવ્યા હોય કે બાઈબલ શિક્ષણની વિરુદ્ધ હોય તો, દેવ એને સંમતી આપતા નથી.—માત્થી ૧૫:૬.

૨. *ત્રૈક્ય:* શું યહોવાહ ત્રૈક્ય—એક દેવમાં ત્રણ વ્યક્તિ—છે? ના! યહોવાહ, પિતા, "એકલા ખરા દેવ" છે. (યોહાન ૧૭:૩; માર્ક ૧૨:૨૯) ઈસુ તેમના પ્રથમજનિત પુત્ર છે, અને તે દેવને આધીન છે. (૧ કોરીંથી ૧૧:૩) પિતા પુત્ર કરતાં મહાન છે. (યોહાન ૧૪:૨૮) પવિત્ર આત્મા વ્યક્તિ નથી; એ દેવનું સક્રિય બળ છે.—ઉત્પત્તિ ૧:૨; પ્રેરિતોનાં કૃત્યો ૨:૧૮.

૩. *નાતાલ અને ઈસ્ટર:* ઈસુનો જન્મ ડિસેમ્બર ૨૫ના થયો ન હતો. તે લગભગ ઑક્ટોબર ૧ના રોજ જન્મ્યા હતા, અર્થાત્ વર્ષનો એવો સમય જ્યારે ઘેટાંપાળકો પોતાનાં ટોળાં બહાર ખુલ્લામાં રાખતા. (લુક ૨:૮-૧૨) ઈસુએ પોતાનો જન્મ ઊજવવાની ખ્રિસ્તીઓને કદી આજ્ઞા આપી ન હતી. એને બદલે, તેમણે પોતાના શિષ્યોને તેમના મરણનું સ્મરણ કરવા, અથવા યાદ કરવા, કહ્યું હતું. (લુક ૨૨:૧૯, ૨૦) નાતાલ તથા એના રિવાજો પ્રાચીન જૂઠા ધર્મોમાંથી આવે છે. ઈંડા અને સસલાંના ઉપયોગ જેવા ઈસ્ટરના રિવાજો વિષે પણ એમ જ છે. શરૂઆતના ખ્રિસ્તીઓ નાતાલ કે ઈસ્ટર ઊજવતા ન હતા, એ જ રીતે આજે સાચા ખ્રિસ્તીઓ પણ ઊજવતા નથી.

૪. *જન્મદિવસ:* બાઈબલમાં ફક્ત બે જ જન્મદિવસની ઊજવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે યહોવાહની ઉપાસના ન કરનારી વ્યક્તિ-

ઓએ યોજી હતી. (ઉત્પત્તિ ૪૦:૨૦-૨૨; માર્ક ૬: ૨૧, ૨૨, ૨૪-૨૭) શરૂઆતના ખ્રિસ્તીઓએ જન્મદિવસની ઊજવણી કરી ન હતી. જન્મ-દિવસ ઊજવવાનો રિવાજ પ્રાચીન જૂઠા ધર્મોમાંથી આવે છે. સાચા ખ્રિસ્તીઓ વર્ષ દરમ્યાન બીજા સમયોએ ભેટો આપે છે અને ભેગા મળી મઝા માણે છે.

૫. *મૂએલાઓનો ભય:* મૂએલાઓ કંઈ પણ કરી શકતાં નથી કે અનુભવી શકતાં નથી. આપણે તેઓને મદદ કરી શકતાં નથી, અને તેઓ આપણને હાનિ કરી શકતા નથી. (ગીત-શાસ્ત્ર ૧૪૬:૪; સભાશિક્ષક ૯:૫, ૧૦) જીવ મરે છે; એ મરણ પછી જીવવાનું ચાલું રાખતો નથી. (હઝકીએલ ૧૮:૪) પરંતુ કેટલીક વાર દુષ્ટ દૂતો, જેઓને અપદૂતો કહેવામાં આવે છે, તેઓ મૂએલાઓના આત્મા હોવાનો ડોળ કરે છે. મૂએ-લાઓનો ભય કે ઉપાસનાને સંડોવતો કોઈ પણ રિવાજ ખોટો છે.—યશાયાહ ૮:૧૯.

૬. *ક્રોસ:* ઈસુ ક્રોસ પર મરણ પામ્યા ન હતા. તે એક થાંભલા પર, કે સ્તંભ પર, મરણ પામ્યા હતા. ઘણા બાઇબલોમાં "ક્રોસ" અનુવાદ થયેલો ગ્રીક શબ્દ લાકડાનો ફક્ત એક ટુકડો હોવાનો અર્થ ધરાવે છે. ક્રોસની સંજ્ઞા પ્રાચીન જૂઠા ધર્મોમાંથી આવે છે. શરૂઆતના ખ્રિસ્તીઓએ ક્રોસનો ઉપ-યોગ કે ઉપાસના કર્યાં ન હતાં. તેથી, શું તમને લાગે છે કે ઉપાસનામાં ક્રોસનો ઉપયોગ કરવો યોગ્ય થશે?—પુનર્નિયમ ૭:૨૬; ૧ કોરીંથી ૧૦:૧૪.

૭. આ માન્યતાઓ અને રિવાજોમાં-ના કેટલાક ત્યજવા ઘણા અઘરા હોય શકે. સગાઓ અને મિત્રો તમારી માન્યતાઓ ન બદલવા માટે તમને મનાવવા પ્રયત્ન કરી શકે. પરંતુ માણસોને ખુશ કરવા કરતાં દેવને ખુશ કરવા વધારે મહત્ત્વનું છે. —નીતિવચન ૨૯:૨૫; માત્થી ૧૦: ૩૬, ૩૭.



***નાતાલ અને ઈસ્ટર પ્રાચીન જૂઠા ધર્મોમાંથી આવે છે***



***મૂએલાઓની ઉપાસના કરવાનું કે તેઓનો ભય રાખવાનું કોઈ કારણ નથી***